## @ગાંધીનગર


● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા રાત્રે ૯.૪૫ કલાકે સે-૧૭ ટાઉનહોલ ખાતે અર્ધસત્ય નાટક યોજાશે.

● શ્રી રામદાવ વાવોલ ખાતે પૂ. મહંત મધુસુદનદાસ બાપુની નિશ્રામાં દ્વાદશ જયોર્તિલીંગ કથા યોજાશે.

● સે-૨૩ શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે હસમુખભાઈ જોષીના નિવાસસ્થાન તેજસ સોસાયટી ખાતે રાતના ૯ થી ૧૦ કલાક દરમિયાન ભોળાનાથના શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના કરવામાં આવશે.

● કાન્તિભાઈ યોગીની વ્યાસપીઠે બુધવારના રોજ બપોરના ૨ થી ૪.૩૦ કલાક દરમિયાન સે-૨-ડી, પ્લોટ નં. ૧૭૧૩/૨ ખાતે શૈલેષભાઈ ઠકકરના યજમાનપદે સુંદરકાંડની સંગીતમય કથા-પાઠ યોજાશે.





હર હર મહાદેવ.... શ્રાવણ માસના અંતિમ દિવસોમાં શિવાલયોમાં ભારે ઉલ્લાસનું વાતાવરણ જોવા મળી રહ્યું છે. શિવ મંદિરોને વિવિધ શણગાર અને રંગોળીથી સજાવવામાં આવી રહ્યા છે. સેકટર-૮ ત્ર્યંબકેશ્વર મહાદેવ અને સેકટર-૧૬ સોમનાથ મહાદેવ મંદિર ખાતે કરાયેલ વિવિધ શણગારથી મંદિર પરિસર શોભી ઉઠયું હતું.

# રખડતા ઢોરોએ શહેરની એક મહિલાનો ભોગ લીધો

**સેકટર-૨૨માં રહેતું દંપતી બાઈક પર અમદાવાદથી ગાંધીનગર આવતું હતું ત્યારે ધોળાકુવા સામેના માર્ગ પર ઢોર આડે આવતા અકસ્માત સર્જાયો : પત્નિનું મૃત્યુ : પતિ ગંભીર**

ગાંધીનગર, તા.૩૦

પાટનગરમાં રખડતા ઢોરોનો ત્રાસ હવે જીવલેણ સાબિત થઈ રહ્યો છે. એક મહિનામાં રસ્તા વચ્ચે અચાનક ઢોરો આવી ચઢતા સર્જાયેલા અકસ્માતોમાં ૧૫થી વધુ વાહનચાલકો ઘાયલ થયા છે. દરમિયાન ગઈ કાલે મોડી સાંજે સે-૨૨નું દંપતી અમદાવાદથી બાઈક પર ઘર તરફ આવી રહ્યું હતું ત્યારે ધોળકુવા સામેના મુખ્ય માર્ગ પર અચાનક આડે આવી ચઢેલા ઢોરથી તેમને અકસ્માત નડયો હતો. જેમાં પત્નીનું ઘટનાસ્થળે મૃત્યુ નિપજયું હતું. જયારે બાઈકચાલક પતિને ગંભીર ઈજાઓ થવા પામી હતી. આ મામલે ઈન્ફોસીટી પોલીસે ગુનો દાખલ કરીને તપાસ શરુ કરી છે.

બે દિવસ પહેલા ઘ-૨ સર્કલ પાસે સેકટર-૩નો યુવાન એફ-ઝેડ બાઈક લઈને જઈ રહ્યો હતો અને અચાનક રોડ વચ્ચે ઢોર આવી જતા અકસ્માત સર્જાયો હતો. આ બાઈક ચાલક યુવાન હજુ પણ હોસ્પિટલાઈઝડ છે ત્યારે ગઈ સાંજે રખડતા ઢોરોએ શહેરની એક મહિલાનો ભોગ લીધો હોવાની ઘટના ધ્યાને આવી છે. સેકટર-૨૨, જ ટાઈપ બ્લોક નં. ૮૦/૮ ખાતે રહેતા ૪૫ વર્ષીય મનહરભાઈ માલાભાઈ રોહીત અને તેમની પત્નિ જયોતિબેન રોહીત ગઈ કાલે તેમનું બાઈક લઈને અમદાવાદ ગયા હતા. સાંજના અરસામાં તેઓ બાઈક નં. જીજે-૧૮-એ.ડી. ૯૭૩૭ લઈને અમદાવાદથી ગાંધીનગર પોતાના ઘરે આવવા નીકળ્યા હતા. સાડા આઠ વાગ્યાના સુમારે ધોળાકુવા ગામની સામે મુખ્ય માર્ગ પર તેમના બાઈકને અકસ્માત નડયો હતો. અંધારામાં અચાનક રોડ પર ઢોર આવી જતા બાઈકને શોર્ટ બ્રેક લગાવી અને બાઈક અથડાઈને સ્લીપ ખાઈ ગયું હતું. આ અકસ્માતમાં પતિ પત્નિ બંને ગંભીર રીતે ઘાયલ થયા હતા જેમાં પત્નિ જયોતિબેનનું ઘટનાસ્થળે જ કરૂણ મૃત્યુ નિપજયું હતું. આ ઘટના સંદર્ભે ઈન્ફોસીટી પોલીસે મૃતકના પુત્ર ભાર્ગવની ફરિયાદ લઈ બાઈક ચાલક પિતા સામને ગુનો નોંધી વધુ તપાસ આરંભી છે.

## વાતવાતમાં

● દિવસ દરમિયાન વાદળો ઘેરાયેલા રહ્યા હતા પરંતુ ભારે વરસાદની આશા ઠગારી નિવડી હતી. બપોર પછીના સમયે એક વરસાદી ઝાપટા સિવાય માત્ર આકાશી ગાજવીજથી જ સંતોષ માનવો પડયો હતો.

● જીએમઈઆરએસ દ્વારા ડોકટર્સની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ ભરતી પ્રક્રિયામાં ઈન્ટરવ્યુ આપવા માટે ગુજરાતભરમાંથી ઉમેદવારો આવી રહ્યા છે.

● શહેરમાં ગણેશોત્સવના આયોજકો દ્વારા યોજાનારા સાંસ્કૃતિક કે મનોરંજક કાર્યક્રમોની જાહેરાતો ચાલુ કરી દેવાઈ છે. મોટા ભાગના આયોજકોમાં યુવાનોની સંખ્યા વધુ હોવાથી કાર્યક્રમો અંગે વ્હોટસએપ અને ફેસબુક જેવા સોશિયલ મિડિયામાં પિકચર મેસેજ વાઈરલ કરવામાં આવી રહ્યાં છે.

## ચૌધરી શાળામાં સલામતી સપ્તાહ અંતર્ગત કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૩૦

જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ખાતે શાળા સલામતી સપ્તાહની ઉજવણી અંતર્ગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ફોકસ ઈન્ડિયા નામની સંસ્થા દ્વારા ભૂકંપ, વાવાઝોડુ, આગ અને પૂર સહિતની પરિસ્થિતિમાં કેવી રીતે માનવ વસ્તીને જાનહાનિથી બચાવી શકાય તે માટેની ટૂંકી ફિલ્મ બતાવવામાં આવી હતી. આ ઉપરાંત બાળકોમાં જાગરૂકતા આવે તે માટે માળખાકીય અને બિન માળખાકીય બાબતો વિશે સમજુતી આપવામાં આવી હતી. શાળાની ધો-૯ થી ૧૨ની તમામ વિદ્યાર્થીનીઓએ આ કાર્યક્રમનો લાભ લીધો હતો. સમગ્ર કાર્યક્રમ શાળાના આચાર્યા સંતોકબેન ચૌધરીની રાહબરી હેઠળ યોજાયો હતો.

## ગુરુવારે શહેર પેન્શનર્સ સમાજની બેઠક યોજાશે

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા આગામી તા. ૧ સપ્ટેમ્બરને ગુરૂવારના રોજ સાંજે ૫.૦૦ કલાકે સેકટર-૨૨, સ્વસ્તિક કોમ્પ્લક્ષના બીજા માળે કાર્યવાહક સમિતિની બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠક સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિના અધ્યક્ષસ્થાને યોજાશે. બેઠક બાદ ભકિત સંગીતના કાર્યક્રમનું આયોજન કરાયું છે. આ ભકિત સંગીત રમણલાલ શ્રીમાળી, ઠાકોરભાઈ શેઠ અને પ્રદિપભાઈ ભટ્ટ (દ્વારા) રજુ કરવામાં આવશે. જેનો લાભ લેવા સંસ્થાના સભ્યો અને પદાધિકારીઓને પ્રવરમંત્રી રમણલાલ શ્રીમાળી દ્વારા જણાવાયું છે.

## સે-૧૨ અને સે-૬ની પ્રાથમિક શાળાઓમાં વ્યસન મુકિત ઝુંબેશ

ગાંધીનગરના ગુંજ ફાઉન્ડેશન દ્વારા સતત સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકોને 'વ્યસનના દૂષણ' અંગે માહિતગાર કરી નવી પઢીને તેમાંથી બચાવવાનો ભગીરથ પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે. વારાફરતી શહેરની દરેક સરકારી પ્રાથમિક શાળામાં માર્ગદર્શન કાર્યક્રમ યોજી બાળ માનસમાં



વ્યસનના જોખમો અંગે ચેતવા પ્રેરણારૂપ સમજ આપવામાં આવી રહી છે. મંગળવારે સે-૧૨ તથા સે-૬ની પ્રાથમિક શાળામાં વ્યસન મુકિત જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ ભગીરથ કાર્યમાં સામાજીક અગ્રણી પ્રદિપસિંહ વાઘેલા, જાણીતા એડવોકેટ તથા કોલમિસ્ટ અશ્વિન ત્રિવેદી, યુવા કાર્યકર વિજયસિંહ માજીરાણા તથા કમલેશ સિસોદિયા સહિત ગૂંજ ફાઉન્ડેશનના યુવાનો નોંધપાત્ર યોગદાન આપી રહ્યાં છે.

## આજે જીએનએલયુ ખાતે ચીનનું ડેલીગેશન પધારશે

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરની ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટીના સેન્ટર ફોર ફોરેન પોલીસી એન્ડ સિકયુરીટી સ્ટડીઝ ખાતે તા. ૩૧મી ઓગષ્ટે ચીનથી આવેલ ડેલિગેશન પધારશે. આ ડેલિગેશનમાં ભારત ખાતેના ચીનના રાજદૂતાવાસના અધિકારી લીયુ જીનસોન્ગના નેતૃત્વમાં શિક્ષણધિકારી એઈ લોન્ગફેઈ, અર્થતંત્ર અને વાણિજય કાઉન્સેલર ઓફિસના થર્ડ સેક્રેટરી ત્યુ પેન્ગફેઈ તથા એમ્બેસીના પોલિટીકલ સેકશનના અધિકારી રેન હાઓ જોડાશે. આ પ્રસંગે લીયુ જીનસોન્ગ 'સ્પિરીટ ઓફ લૉ : ઈન્ડિયા એન્ડ ચાઈના કોર્પોરેશન' વિષયે વકતવ્ય આપશે. આ ડેલિગેશન કોલેજના સિનિયર ફેલ્ટીઝ તથા કર્મચારીગણ સાથે સંવાદ પણ કરશે.

## સે-૧૨માં પાંચ દિવસથી પડેલ ભુવો અંતે પુરાયો

**ભુવામાં પડી એક સ્કૂટર ચાલક પણ ઘાયલ થયો હતો : નગરસેવક નાઝાભાઈ ઘાંઘરનો સંપર્ક કરાતા માત્ર ૨ કલાકમાં જાતે હાજર રહી ભુવો પુરાવડાવ્યો**

ગાંધીનગર, તા.૩૦

શહેરમાં ચોમાસુ અડધુ વીતવા છતાં તંત્રની બેદરકારી ઉડીને આંખે વળગે તેવી રહી છે. શહેરમાં અનેક જગ્યાએ નાના મોટા ભુવા જોવા મળી રહ્યા છે. જે રાહદારીઓ તથા વાહનચાલકો માટે જોખમરૂપ છે. તાજેતરમાં



વોર્ડ નં. ૬ના સેકટર-૧૨માં રાજપૂત ભવન પાસેના પ્લોટ નં. ૪૪૦/૧ તથા ૪૪૩/૨ પાસે મોટો ભુવો પડયો હતો. જે અંગે વસાહતીઓએ ફરિયાદ પણ નોધાવી હતી. જો કે પાંચ પાંચ દિવસ સુધી કોઈ નિકાલ ના આવતા છેવટે રહીશોએ તેમના વોર્ડના નગરસેવક નાઝાભાઈ ઘાંઘરનો સંપર્ક સાધ્યો હતો. નગરસેવક નાઝાભાઈ ઘાંઘરે તુરંત જ સ્થળ પર પહોંચી તે ભુવાને પુરવાની કામગીરી હાથ ધરાવી હતી. જેના કારણે રહીશોએ હાશકારો અનુભવ્યો હતો.

છેલ્લા પાંચ દિવસથી રોડ પર પડેલા ભુવામાં એક સ્કૂટર ચાલક પણ પડયો હતો અને જેને ઈજાઓ થવા પામી હતી. આમ છતાં જોખમરૂપ બનેલા ભુવાને પુરવા તંત્ર એ કોઈ પગલા ના લેતા અંતે રહીશોએ તેમના વોર્ડ નં. ૬ના કોર્પોરેટર નાઝાભાઈ ઘાંઘરનો સંપર્ક સાધ્યો હતો. નાઝાભાઈ ઘાંઘરે માત્ર ૨ જ કલાકમાં ૧૦૮ ઈમર્જન્સી સર્વિસની જેમ આ ભુવો પુરાવડાવી સાચા નગરસેવકની મિસાલ રજુ કરી હતી. નગરસેવકના તત્પરતાથી મળેલા પ્રતિભાવથી રહેવાસીઓમાં આનંદની લાગણી ફેલાવા પામી છે.

## સુથાર સમાજ ગુજરાતના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૩૦

સમગ્ર ગુજરાત તેમજ મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાન રાજયનું પ્રતિનિધિત્વ કરતી મેવાડા, ગજ્જર, વૈશ્ય અને પંચોળી સુથાર જ્ઞાતિજનોની વડોદરા ખાતે આવેલી સંસ્થા શ્રી સુથાર સમાજ ગુજરાતની રાજય સ્તરીય બેઠક તાજેતરમાં મળી હતી. જેમાં હોદ્દેદારોમાં પ્રમુખ તરીકે ઠાકોર મિસ્ત્રી, ઉપપ્રમુખ તરીકે ડાહ્યાભાઈ ગજ્જર અને ટી.એ. ગજ્જર તથા મંત્રી તરીકે ચંદ્રકાંત એમ. મિસ્ત્રીની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

આ સંસ્થાની રાજય સ્તરે નોધણી કરાવી છેલ્લા ૨૩ વર્ષથી સુથાર જ્ઞાતિઓની તમામ પેટા જ્ઞાતિઓને એક છત્ર તળે સંગઠીત કરીને રાજય સ્તરે સુથાર જ્ઞાતિજનોનું મજબુત સંગઠન ઉભું કર્યું છે.

સમાજ દ્વારા પ્રતિવર્ષ રાજય સ્તરીય શૈક્ષણિક ઈનામ વિતરણ સમારોહ સાથે વિશિષ્ટ વ્યકિતઓને સન્માનિત કરવામાં આવે છે.

રાજય સ્તરે બક્ષીપંચના લાભો તથા સરકારશ્રીની વિવિધ યોજના અંગે તથા કેન્દ્ર સ્તરે સફળ રજુઆતોને કારણે જ્ઞાતિનો કેન્દ્રીય ઓબીસીમાં સમાવેશ થયો છે.

શહેરમાં અડધુ ચોમાસુ વિતવા છતાં જોખમી વૃક્ષોનું ટ્રીમીંગ કરાયું નથી. શહેરના આડા માર્ગો જેવા કે રોડ નં.૩, રોડ નં. ૫ વગેરે સહિત અનેક મુખ્ય માર્ગો પર હજુ પણ અનેક વૃક્ષો જીવલેણ સાબિત થઈ શકે તેટલી હદે જોખમી હાલતમાં જોવા મળી રહ્યા છે. ગત વર્ષ જેવો એકાદ તોફાની વાવાઝોડા સાથેનો વરસાદ મોટી ખાના ખરાબી સર્જી શકે છે અને વન વિભાગના વાંકે નિર્દોષ નાગરિકો જીવ ગુમાવે તેવી શકયતા છે. સેકટર-૧૭માં સ્ટાફ ટ્રેનિંગ કોલેજના કેમ્પસમાં આવું જ એક તોતિંગ વટવૃક્ષ પાંચ દિવસ પહેલા કેમ્પસનો કોટ તોડીને મુખ્ય માર્ગ પર ધરાશાયી થયું હતું. સદભાગ્યે આ ઝાડના ધરાશાયી થવામાં કોઈને ઈજા કે જાનહાનિનો બનાવ નથી બન્યો પરંતુ આ ઝાડને હટાવવા તંત્ર એ પાંચ દિવસે કાર્ય હાથ ધર્યું હતું એ જ દર્શાવે છે કે તંત્રની જાડી ચામડીને નાગરિકોની તકલીફનો અણસાર સુધ્ધાં નથી આવતો.



## સાસરીયાઓ સામે રાંદેસણમાં રહેતી પરિણીતાએ નોંધાવી ફરિયાદ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર નજીક સીટી પલ્સ થિયેટર પાસે રહેતી ૨૯ વર્ષીય પરિણીતાએ તેણીના પતિ, સાસુ-સસરા તથા બે દિયરો સહિત પાંચ સાસરીયાઓ સામે શારીરિક-માનસિક ત્રાસ આપતા હોવા સંદર્ભે ફરિયાદ નોંધાવી છે. ઈન્ફોસીટી પોલીસે ફરિયાદ લઈને ગુનાની તપાસ શરુ કરી છે.

રાંદેસણ ખાતે સ્થિત શુકન હાઈટસ ખાતે રહેતી રીતીકા કુનાલ મંગલાણીએ નોંધાવેલી ફરિયામાં પતિ કુનાલ પીતાંબર મંગલાણી, સસરા પીતાંબર તારાચંદ મંગલાણી, સાસુ મીનાબેન પીતાંબર મંગલાણી તથા બે દિયર લલીત મંગલાણી અને સંજય મંગલાણી સામે આક્ષેપ કર્યો છે. ડી કેબીન સાબરમતી ખાતે સીંધુ સોસાયટીમાં રહેતા સાસરીયાઓએ વેપાર કરવા રૂ. ૫ લાખની માંગણી કર્યા બાદ અવાર નવાર મારઝુડ કરીને શારીરિક-માનસિક ત્રાસ આપતા હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે. જે ફરિયાદને આધારે ઈન્ફોસીટી પોલીસ મથકના પીએસઆઈ એમ.આર. પટેલે ગુનો દાખલ કરીને તપાસનો દોર શરૂ કર્યો છે.

# 'નો બુકે પ્લીઝ' ફાધર હેકટરના બર્થ ડેનું સુપર સેલિબ્રેશન



ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરની પ્રથમ ખાનગી શાળા સેન્ટ ઝેવિયર્સના આચાર્ય ફાધર હેકટરનો ૫૮મો જન્મદિવસ એમની શાળામાં વૈવિધ્યપૂર્ણ રીતે ઉજવાયો. શાળાના પ્રિ પ્રાયમરી, પ્રાયમરી અને સેકન્ડરી-હાયર સેકન્ડરી એમ દરેક વિભાગમાં એમના બર્થ ડેનું સેલિબ્રેશન થયું.

'એકતા'ની થીમ પર ઉજવાયેલા આ જન્મદિવસમાં ડાન્સ અને સ્કીટ પણ સંદેશા પ્રધાન હતા. એમણે એમના સ્ટાફ મિત્રો અને વિદ્યાર્થીઓને 'નો બુકે પ્લીઝ' એવું કહી દીધેલું, એની જગ્યાએ 'મગની દાળ'ના પેકેટસ સ્વિકારવામાં આવ્યા જે ફાધર ગરીબ જરૂરીયાતમંદને સ્વ હસ્તે આપી આવ્યા હતા. બુકે ડસ્ટબીનમાં જાય જયારે અનાજ કોઈના પેટમાં જઈ એ આઠ-દસ દિવસ જમી શકે એવી એમની ભાવના.

શાળાના ધો-૧૧ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓએ સુંદર મજાની રંગોળી કરી અને કેબીનને શણગારી હતી. સ્ટાફના સભ્યોએ કેક કટીંગ કરીને એમનો બર્થ ડે સેલિબ્રેટ કર્યો. સુંદર રંગોળી-ફુલોની રંગોળી અને સાંસ્કૃતિક કાર્યક્રમ બધાએ મળીને કરી 'એકતા'નો સંદેશો આપ્યો હતો.

'માણસ ઉંમરથી વૃધ્ધ નથી થતો પણ એના વિચારથી થાય છે.' એમણે મૂલ્યોની વાત સાથે સેન્ટ ઝેવિયર્સ શાળા પ્રગતિ કરે એવો દઢ વિશ્વાસ વ્યકત કર્યો હતો. ત્રણે વિભાગના બાળકો અને સ્ટાફ, શિક્ષકો સાથેનો એમનો બર્થ ડેનું સુપર સેલિબ્રેશન થયું હતું. ગાંધીનગરના એમના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ પણ સૌના પ્રિય એવા ફાધર હેકટરને શુભેચ્છા આપવા આવ્યા હતા. સેન્ટ ઝેવિયર્સ શાળા પરિવારે એકતાની થીમને વાસ્તવિકતામાં ઉતારી આચાર્યને અનેરી ભેટ ધરી હતી.



ગાંધીનગરના સે-૨૩માં કડી વિદ્યાલય સંકુલની આર.જી. પટેલ કન્યા શાળામાં ૧૦૮ ઈમર્જન્સી સેવા દ્વારા તેની કામગીરીનું નિદર્શન યોજવામાં આવ્યું હતું. આ નિદર્શનમાં એમ્બ્યુલન્સ સેવામાં પિડિતોને કેવી રીતે તાત્કાલિક પ્રાથમિક સારવાર આપવાથી માંડીને વિવિધ આપત્તિ સમયે બચાવ કામગીરી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો તેમજ સાવચેતીના પગલાઓ અંગે ડેમોન્સ્ટ્રેશન સાથે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## ચિરવિદાય

- સ્વ. કલાબેન નટવરલાલ ભટ્ટ, ઉ.વ. ૭૬
- સ્વ. ઠાકોર બેચરભાઈ નાથાભાઈ, ઉ.વ. ૭૬
- સ્વ. કરશનભાઈ ગણેશભાઈ રબારી, ઉ.વ. ૮૦